ઈસ્લામી ન્યાય-તંત્રમાં સત્ય પુરવાર કરવાની રીત

૧ – **સાક્ષી આપવી :** એ લોકો સાક્ષી આપે, જેમની સાક્ષી વિશ્વસનીય હોય, અથવા એક પુરુષ અને બે સ્ત્રીઓ સાક્ષી આપે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿وَٱسْتَشْهِدُوا۟ شَهِيدَيْنِ مِن رِّجَالِكُمْ ۖ فَإِن لَّمْ يَكُونَا رَجُلَيْنِ فَرَجُلٌ وَٱمْرَأَتَانِ مِمَّن تَرْضَوْنَ مِنَ ٱلشُّهَدَآءِ أَن تَضِلَّ إِحْدَىٰهُمَا فَتُذَكِّرَ إِحْدَىٰهُمَا ٱلْأُخْرَىٰ ۚ ﴿٢٨٢﴾﴾ البقرة: ٢٨٢

અનુવાદ : ''પોતાના પુરુષોમાંથી બે વ્યક્તિઓની આના પર સાક્ષી લઈ લો, અને જો બે પુરુષ ન મળે તો એક પુરુષ અને બે સ્ત્રીઓ હોય, જેથી એક ભૂલી જાય તો બીજી તેને યાદ દેવડાવી દે. આ સાક્ષીઓ એવા લોકોમાંથી હોવા જોઈએ, જેમની સાક્ષી તમારામાં સ્વીકાર્ય હોય.'' (સૂરઃ બકરહ, આ.૨૮૨)

બે સાક્ષીઓ એ મામલાઓમાં અપેક્ષિત છે, જેમનો સંબંધ ઉમદા અને પ્રતિષ્ઠિત વંશમાંથી ન હોય, કેમ કે આવા મામલાઓમાં ચાર સાક્ષીઓ અપેક્ષિત છે.

૨ – લેખિત દસ્તાવેજ અને અન્ય પ્રકારની દલીલો, જેનો ઉપયોગ ન્યાયાધીશ પોતાની બુદ્ધિ અને સમજદારીથી કરે છે, જેથી સાચો નિર્ણય સંભળાવે.

ન્યાયાધીશોની નિયુક્તિના નિયમો :

ઈસ્લામી રાજ્યમાં ન્યાયાધીશની જવાબદારી એ લોકોને સોંપવામાં આવશે, જેમનામાં આ શરતો/ગુણો હોય :

૧ – મુસલમાન, સમજદાર અને પુખ્ત હોવું. તેથી કોઈ કાફિર, કે પાગલ અને અબુધ, કે દુરાચારી, કે બાળક મુસલમાનોની બાબતો માટે ન્યાયાધીશ બની શકશે નહીં. આ ઉપરાંત, આદરણીય આલિમો (વિદ્વાનો)એ એ શરત પણ મૂકી છે કે કુર્આન અને સુન્નતનો જ્ઞાની હોય અને તેનામાં એટલી સમજદારી પણ હોવી જોઈએ, જે તેને સત્ય અને અસત્યની વચ્ચે ભેદ કરવામાં મદદ કરે.

૨ – આદેશોથી સંબંધિત કુર્આનની આયતો અને હદીસો તેમજ તેમની દલીલોનું જ્ઞાન હોય, ઈજમાઅ (સર્વસંમતિ), સહાબાના કથનો અને જુદા-જુદા મામલાઓમાં આલિમોના અભિપ્રાયોનો જાણકાર હોય, અરબી ભાષાથી વાકેફ હોય, તથા 'કિયાસ' અને 'ઈસ્તિમ્બાત' પર સક્ષમ હોય.

૩ – ઈન્દ્રિયો તંદુરસ્ત અને સ્વસ્થ હોય, જેમ કે આંખ, કાન,જીભ વગેરે, જેથી ન્યાયાધીશ વસ્તુઓનું નિરીક્ષણ કરી શકે અને તેનું વર્ણન કરી શકે. ન્યાયાધીશ માટે આ બધી વસ્તુઓ આવશ્યક છે.

૪ – ન્યાયાધીશ ન્યાયી હોય, નૈતિક ગુણો ધરાવતો હોય, કબીરા (મોટા) ગુનાઓથી દૂર હોય અને નાના

www.uzairfalahi.com

ગુનાઓ વારંવાર ન કરતો હોય, કેમ કે આ દુરાચારીઓના લક્ષણો છે અને દુરાચારી વ્યક્તિ ન્યાયાધીશ નથી બની શકતો.

૫ – ન્યાયાધીશ પુરુષ હોય, સ્ત્રી માટે જાઈઝ નથી કે ન્યાયાધીશના હોદ્દાની જવાબદારી સંભાળે, કેમ કે આ કામ માટે ધૈર્ય, પરેશાની સહન કરવા તથા ઉત્તેજના અને ઉશ્કેરાટથી બચવાની જરૂર પડતી હોય છે, જ્યારે કે પ્રાકૃતિક અને સ્વભાવગત સ્ત્રી ખૂબ ભાવનાશીલ, લાગણીશીલ અને અને સંવેદનશીલ હોય છે, અને તે ખૂબ જલ્દી વસ્તુઓથી પ્રભાવિત થાય છે. આ ઉપરાંત, સ્ત્રીની ઘણી સમસ્યાઓ હોય છે, જેમ કે ઋતુસ્ત્રાવ, પ્રસૂતિ અને પ્રસૂતિ-જન્ય લોહી, ગર્ભાવસ્થા અને બાળકને દૂધ પીવડાવવું વગેરે. આ તમામ બાબતો મળીને સ્ત્રીને ન્યાયાધીશના હોદ્દા માટે અયોગ્ય બનાવી દે છે. વધુમાં તેને ન્યાયાધીશના રૂપમાં સામાન્ય પ્રજા, સાક્ષીઓ, પક્ષકારો, વકીલો અને સેક્રેટરી વગેરેને એકાંતમાં મળવું પણ પડે છે. તેથી આ કાર્ય સ્ત્રી માટે યોગ્ય નથી. જ્યારે હુઝૂર અકરમ ﷺ ની પાસે એ સમાચાર પહોંચ્યા કે ઈરાનીઓએ કિસરા (ઈરાનના બાદશાહ)ની પુત્રીને પોતાનો શાસક ચૂંટી લીધી છે, તો આપ ﷺ એ ફરમાવ્યું :

«لَنْ يُفْلِحَ قَوْمٌ وَلَّوْا أَمْرَهُمْ اِمْرَأَةً» [بخاري]

અર્થાત્, ‘‘એ કોમ કદાપિ સફળ થઈ શકતી નથી, જેણે શાસનની લગામ સ્ત્રીને સુપ્રત કરી દીધી હોય.’’ (બુખારી)

ત્વરીત નિર્ણય કરવો :

ન્યાયાધીશ માટે જાઈઝ છે કે તે નિર્ણયમાં વિલંબ કરે, સિવાય ત્રણ પરિસ્થિતિઓમાં –

૧ – પક્ષકારો વચ્ચે સુલેહ કરવા માટે.

૨ – જ્યારે ફરિયાદી/વાદી કેસથી સંબંધિત વધારે પુરાવાઓ રજૂ કરવા માટે મહેતલ માંગે.

૩ – જ્યારે ન્યાયાધીશને નિર્ણય કરવામાં શંકા હોય અને મામલો વધારે ચર્ચા અને તપાસનો તકાદો કરતો હોય.

ન્યાયાધીશના સહાયક વિભાગો :

પોલીસ : આ ઈસ્લામી વ્યવસ્થાનો ખૂબ જૂનો વિભાગ છે. પોલીસ ન્યાયાધીશની મદદ કરે છે, તેના આદેશોને લાગુ કરવામાં, જે તે ગુનેગારો વિરુદ્ધ સંભળાવે છે. પોલીસનો ઈતિહાસ હઝરત ઉમર બિન ખત્તાબ ؓ ના શાસન-કાળથી શરૂ થાય છે, જેઓ સ્વયં રાત્રે લોકોની સ્થિતિનું નિરીક્ષણ કરીને જાત-માહિતી મેળવતા હતા અને સીધા માર્ગથી હટી ગયા હોય એવા લોકોની સુધારણા માટે તેમના પાછળ જતા હતા.

www.uzairfalahi.com